જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૪/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૫૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૩૧૩ લીટર દેશી દારૂ, ૯૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૬૪ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૯,૭૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૫૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૫૫૨/૨૦૨૬**

મેઘાણીનગરઃ પંકજભાઇ જગદીશભાઇ જયસ્વાલ (ઉ.વ.૩૫)(રહે.તેજાજી કાળુજીની ચાલી ક્રીષ્નાજીના છાપરા ચમનપુરા) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૪/૨૦૨૬ રાતના ૧૨/૦૦ થી તા.૧૭/૦૪/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી મકાનના માળીયા ઉપર ડબ્બામાં મુકેલ સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૧૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૪,૦૦૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.એરૂણકર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૫૩/૨૦૨૬**

સેટેલાઇટઃ ઈસ્કોન–આંબલી રોડ ખાતે આવેલ “ગાલા પ્રેસીડીયમ” નામની નવી બનતી સાઇટની લેબર કોલોની ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા સન્ની પ્રેમશંકર સહાની (ઉ.વ.૩૫)(મુળ વતન:– ગામ– કાસ્ટ ખેરા, કુલ્હુઈ બજારમ જી–મહારાજગંજ, ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૪/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક મકાનની રૂમમાં છતની એંગલ સાથે કપડાનો ગમચો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી